

અરવલ્લી જીલ્લાના ભિલોડા જનસેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયના પટ્ટાંગણમાં તા. ૧૦/૧/૨૦૧૫ ને શનીવારના રોજ ભિલોડાના પુર્વ ધારાસભ્ય, મંત્રી, અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીનું દુઃખદ્ અવસાન તા. ૪/૧/૨૦૧૫ ને રવીવારના રોજ થયેલ હતું. ભિલોડામાં પ્રાર્થના સભા, શ્રધ્ધા-સુમન અર્પણ કરવા અને શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા મતવિસ્તારના પુર્વ ધારાસભ્ય અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીને ભાવાંજલી અર્પવા લોકસાહિત્ય કલાકાર ભીખુદાન ગઢવી, કલાકાર વૃંદ ધ્વારા શ્રધ્ધાંજલી નિમિત્તે ભાવાંજલી આપવામાં આવી હતી. આ પ્રસંગે ગુણવંતભાઈ ત્રિવેદી, ડૉ.અનિલભાઈ જોષીયારા, રણવીરસિંહ ડાભી, રાજેન્દ્રસિંહ ભાટી, જેસીંગભાઈ પટેલ, શુભેન્દ્રસિંહ સિસોદીયા, બલભદ્રસિંહ ચંપાવત, અમરતલાલ બરંડા, ગજાનંદભાઈ પ્રજાપતી, અરવિંદભાઈ બારોટ, બી.ટી.નાયી, કાનજીભાઈ પરમાર, ભીખાભાઈ પટેલ, કમલેશભાઈ મહેતા સહિત અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સ્વ.ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની પ્રાર્થના સભા નિમિત્તે પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડાના પુર્વ ધારાસભ્ય અને લોકલાડીલા અભિનય સમ્રાટ લોકસેવક ખરેખર સાચા અર્થમાં લોકસેવક હતા. અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે સ્વ.ઉપેન્દ્રભાઈ ત્રિવેદી ઠાકોર સમાજના બેલી હતા. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીએ ભિલોડા તાલુકાના અંતરીયાળ વિસ્તારોમાં લોકસેવાના કાર્યો થકી લોકોના હૃદયમાં સ્થાન મેળવી લીધું હતું.

# વડાગામથી આકરૂન્દ તરફ જતા રોડનું કામકાજ મંથર ગતિએ

વડાગામ, તા. ૧૧

ગુજરાતમાં અત્યારે વાઈબ્રન્ટ અને પ્રવાસ ભારતીય દિવસની ઉજવણી રંગેચંગે થઈ રહી છે અને આપણા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ગુજરાતના વિકાસની વાતો કરીને ગુજરાત ગૌરવની ગાથા ગાઈ રહ્યા છે. ત્યારે ગુજરાતની વરવી વાસ્તવિકતા સમાન વડાગામથી આકરૂન્દ તરફ જતો ૩૦૦ મીટર આર.સી. રોડનું કામકાજ ૧૫ દિવસ થયા હોવા છતાં પૂર્ણ ન થતાં વડાગામના પ્રજાજનો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ એ સમગ્ર રાજ્યભરમાં અને દેશમાં ક્વોરી ઉદ્યોગ માટે ખુબ જ જાણીતો છે. તેમજ વડાગામની મોટાભાગની ક્વોરીઓ આકરૂન્દ રોડ ઉપર આવેલી છે. ત્યારે વડાગામના મેઈન રોડથી આકરૂન્દ જવાના મુખ્યમાર્ગ ઉપર ૩૦૦ મીટરનો આર.સી.સી. રોડનું કામકાજ કોન્ટ્રાકટરની આડોડાઈ કે નિષ્ફળતા જે ગણો તે આજે ૧૫ દિવસ જેટલો સમય થયો હોવા છતાં પૂર્ણ ન થતાં આકરૂન્દ રોડ ઉપર આવેલા ક્વોરી ઉદ્યોગને નુકશાની ભોગવવાનો વારો આવ્યો છે. કોન્ટ્રાકટરની ગંભીર બેદરકારી જણાવતા ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલ લોકોના જણાવ્યા અનુસાર માર્ગ અને મકાન વિભાગના નિયમ અનુસાર ડાયવર્ઝન આપવુ ફરજીયાત છતાં તાં કોઈ જ ડાયવર્ઝન આપેલ નથી. જેના કારણે ક્વોરીનું કામકાજ કરતા ભારે વાહનોએ રોડ બનતાની સાઈડમાંથી જાતે રસ્તાનુ ડાયવર્ઝન લગાવતા ખુબ જ મોટા ખાડા પડી ગયા હોવાથી ભારે વાહનો ફસાઈ જાય છે. જ્યારે નાના વાહન ચાલકો તો આ રસ્તાનો ઉપયોગ કરવાનુ ટાળી બીજા લંબાણપૂર્વકના રસ્તાઓ પસંદ કરી લે છે. પરંતુ આકરૂન્દ રોડ ઉપર આવેલી તપોવન વિદ્યાલયના વિદ્યાર્થીઓને લઈ જતી સ્કૂલવાન પણ આવા ખરાબ ખાડા-ટેકરાવાળા રોડ ઉપરથી પસાર થતી હોવાના કારણે વિદ્યાર્થીઓને જાનના જોખમે પણ રહેલા છે. બાળકો પણ આ રસ્તા ઉપરથી સ્કૂલવાન પસાર થતાં ડરના કારણે સ્કૂલે જવાનુ ટાળતા હોવાનુ જાણવા મળેલ છે. વડાગામથી આકરૂન્દ તરફ જતા રાજપુર, બોરડીકંપા, વજેપુરા કંપાના લોકોને પણ કોન્ટ્રાકટરના કારણે હાલાકી ભોગવવાનો સમય આવ્યો છે.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## ચંદ્રાલામાં કડવા પાટીદારનો સમુહ લગ્નોત્સવ યોજાશે

સાબરકાંઠા જિલ્લા ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનો ચોવીસમો સમુહ લગ્નોત્સવ ઉમા સંસ્કાર તીર્થધામ ચંદ્રાલા ખાતે આગામી ૨ ૩મી જાન્યુઆરી-૨૦૧૫ને શનિવારના રોજ યોજાશે. જેમાં સમાજના ૪૮ યુવક યુવતીઓ લગ્નગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલા પાડશે.

## પાલનપુરમાં ગુમ બાળકનો મૃતદેહ પાણીની ટાંકીમાંથી મળ્યો

પાલનપુર, તા. ૧૧

પાલનપુર જૈન દાદાવાડી વિસ્તારમાંથી ગતરોજ ગુમ થયેલ બાળકનો મૃતદેહ પાણીના ટાંકામાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. ૧૦-૧-૧૫ના રો પાલનપુર જૈનદાદાવાડી વિસ્તારમાં રહેતા રમેશભાઈ ઠાકોરના ૮ વર્ષીય પુત્ર રાહુલ તેજ વિસ્તારમાં પોતાના મામાના ઘરે પતંગ ચગાવવાનું કહીને નીકળ્યો હતો. રાત્રે દસ વાગ્યા સુધી બાળકનો પત્તો ન મળતાં આખરે પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશને ગુમ થયાની ફરીયાદ પરીવારજનો એ નોંધાવી હતી. જો કે હમણાં હમણાં પાણીના હોજમાં બાળકોને પડવાની ઘટનાઓ બનતી હોય છે. એ અનુસંધાને કોઈ એ પાણીના ટાંકા ચેક કરવાની સલાહ આપતા પોતાના ઘરે પાણીના ટાંકા તપાસ કરતા રાહુલનો મૃતદેહ પાણી ના ટાંકામાંથી મળી આવ્યો હતો. જયારે બાળકના મૃતદેહને પાલનપુર સીવીલમાં પી.એમ. કરાવી મૃતદેહને વતન સલેમપુરા લઈ જવાયો હતો.



મોટી શિહોલીમાં યુવાનોએ ગામની સફાઈ કરી

ગાંધીનગર તાલુકાના મોટી શિહોલી ગામે યુવાનોએ આજે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'સફાઈ કાર્ય' હાથ ધર્યું હતું. આ કાર્ય દ્વારા યુવાનોએ સમગ્ર ગામમાં સફાઈ કરી ગામને ચોખ્ખું ચણાક બનાવી દીધું હતું. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત સ્વચ્છતા અભિયાન અંતર્ગત આ યુવાનોના સફાઈ કાર્યથી ગ્રામજનો ખૂબ પ્રભાવિત થયા હતાં. (તસવીર : વિપુલ ચૌહાણ)

## ખેડબ્રહ્મા-લક્ષ્મીપુરા માર્ગ પર દિવસ-રાત બેફામ ગતિએ દોડતી ઓવર લોડ ટ્રકો

### સ્થાનિક રહિશોમાં આક્રોશ : કડક પોલીસ કાર્યવાહીની માંગ

લક્ષ્મીપુરા, તા. ૧૧

ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા માર્ગ પર સ્થાનિક તંત્રના અધિકારીઓની રહેમ નજર હેઠળ દિવસ-રાત બેફામ ગતિએ ટ્રકો અને ડમ્પરો દોડે છે. અને અનેક સામાન્ય નાગરિકો અને રાહદારીઓનો ભોગ લઈ રહ્યા છે. જેથી સ્થાનિક રહિશો ભારે આક્રોશ વ્યક્ત કરી બેફામ ગતિએ દોડતા ટ્રકો સામે કડક કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા માર્ગ પર કપચી અને રેતી ભરી દિવસ-રાત બેફામગતિએ કન્ટેનરો ડમ્પરો અને ટ્રકો દોડી રહી છે અને દરરોજ અસંખ્ય રાહદારીઓ અને નાના વાહનચાલકોને અડફેટે લઈ અકસ્માત સર્જી રહ્યા છે. પરિણામે દરરોજ ૩ થી ૪ નિર્દોષ નાગરિકો મોતને ભેટી રહ્યા છે. જ્યારે અસંખ્ય લોકો ગંભીર ઈજાઓનો ભોગ બની રહ્યા છે. તેમ છતાં સ્થાનિક પોલીસતંત્ર અને સ્થાનિક વહીવટીતંત્ર આ તમામ હકિકતથી વાકેફ હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા છે.

બીજી બાજુ આડેધડ માર્ગ પર પાર્ક થતા અને બેફામ ગતિએ દોડતા વાહનો તંત્રની રહેમ નજર હેઠળ દોડી રહ્યા છે. તેવો પણ સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. ત્યારે લક્ષ્મીપુરા-ખેડબ્રહ્મા માર્ગ પર બેફામગતિએ દોડતા વાહનો સામે સ્થાનિક પોલીસતંત્ર કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ સ્થાનિકો કરી રહ્યા છે. અન્યથા આગામી સમયમાં ગાંધી માર્ગે આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

## યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડર અને દરામલીમાં બાળકો માટે સ્પોર્ટસનું પ્રોફેશનલ કોચીંગ

ઈડર, તા. ૧૧

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડર અને દરામલી ગ્રામ્ય વિસ્તારના બાળકોને સર્વાંગી વિકાસલક્ષી ૨૧મી સદીના આવશ્યક કૌશલ્યોને વિકસાવીને શિક્ષણ આપતી અનોખી સ્કૂલ છે. બાળકોમાં બહુમુખી પ્રતિભા વિકસાવવા સ્પોર્ટસ ખૂબ જરૂરી છે.

ઈડર અને દરામલી બંને સ્કૂલમાં પ્રોફેશનલ સ્પોર્ટસનું કોચિંગ આપતી કંપની દ્વારા રમતગમતનું ખાસ પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રીય સ્તરના તાલીમ પામેલ કોચ અદ્યતન સાધનો અને વૈજ્ઞાનિક અભિગમથી આ ખાસ કોચિંગ આપી રહ્યા છે.

કલેકટટ ધ બોલ, મ્યુઝીકલ હુપ્સ, રીલે, શટલ રન, હર્ડલ રેસ, ટાઈગર ઈન ધ ટનલ, લીટન ચેમ્પીયન સ્પ્રીન્ટીંગ સ્ટાર વગેરે જેવી અનેક રમતો બાળકોને રમાડાય છે. આ સાથે ટ્રાવેલીંગ એન લોકોમોટર બોડી અને સ્પેસ અવેરનેસ જમ્પીંગ અને લેન્ડીંગ, કીકીંગ, સેફટી અને ઈન્જરી પ્રોવેન્સન, બેલેન્સીંગ, કો-ઓપરેટીવ બનીંગ જેવા કૌશલ્યો વિકસાવવામાં આવશે.

આ રમતો દ્વારા બાળકોને પોતાના શરીરને સમજવા સાથે યોગ્ય ખોરાક અને નિયમિત કસરતનું મહત્વ સમજશે. બાળપણમાં જ આવી રમતો રમવાથી ભવિષ્યમાં જાડાપણું અને હૃદયરોગ સામે રક્ષણ આપશે. શેપ્સ, કલર, આલ્ફાબેટ વગેરે રમતો સાથે શીખશે, મુવમેન્ટ, થ્રોઈંગ, જમ્પિંગ, રનીંગ અને કેચિંગ જેવી મોટર સ્કલીસ વિકસશે. સમુહમાં કામ કરવું, ભાઈચારો, હાર-જીત પચાવવી અને હકારાત્મક અભિગમ જેવા સામાજિક કૌશલ્યો વિકસશે. કેજી થી ધો. ૨ સુધી 'કીડ ફીટ' અને ધો. ૩ કે ધો. ૮ સુધી 'ગેટ એથલેટીક' થીમ આધારિત કોચિંગ આપવામાં આવશે.

## હિંમતનગરમાં માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત રેલી યોજાઈ

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં રવિવારે ૨૬ માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત જાગૃતિ રેલી યોજાઈ હતી. રવિવારે સવારે હિંમતનગરમાં જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી ૨૬માં સલામતી સપ્તાહ અંતર્ગત જાગૃતિ રેલી નીકળી હતી જે સલામતી જાગૃતિ સાથેના પ્લે કાર્ડ સાથે શહેરના વિવિધ માર્ગો પર ફરી પરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થઈ હતી.


## હિંમતનગર નાગરિક સહકારી બેંકની ધનસુરા અને પ્રાંતિજમાં નવીન શાખા શરુ થશે : સંજય પટેલ

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં ડૉ. નલીનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે રવિવારે હિંમતનગર નાગરિક સહકારી બેંક જેને ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.આ મહોત્સવમાં સ્વર્ણિમ વિકાસ દર્શન સ્મરણિકાનું વિમોચન, પૂર્વ ચેરમેન રશ્મિભાઈ પંડયાનું સન્માન તથા બેંકના પાયાના પ્રથમ ૧૧ સભાસદોનું સન્માન જેમાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સુવર્ણ જયંતિ એ ઉદબોધન કરતા નાગરિક સહકારી બેંકના ચેરમેન સંજય પટેલે જણાવેલ કે ૧૯૬૪માં માત્ર ૪૦૦ સભાસદોથી શરુ કરેલી આ બેંકમાં હાલ ૩૧ હજારથી વધુ સભાસદો છે અને સભાસદોના સહકારથી આ બેંકે ૫૦ વર્ષમાં અનેક ગણી પ્રગતિ કરી છે અને ખાનગી બેંકની સમકક્ષ ઉભી રહેવાની ક્ષમતા ધરાવે છે. હાલમાં બેંકની હિંમતનગર શહેરમાં ૬ શાખા કાર્યરત છે અને હવે સુવર્ણ જયંતિ નિમિત્તે આ વર્ષે નવીન બે બ્રાંચ એક અરવલ્લી જિલ્લાના ધનસુરા અને બીજી પ્રાંતિજમાં શરુ કરવાની જાહેરાત કરી હતી. જે આગામી બે મહિનામાં કાર્યરત થઈ જશે જેથી હવે આઠ શાખા થશે.

આ પ્રસંગે અમદાવાદ ડીસ્ટ્રીકટ બેંકના ચેરમેન અજયભાઈ પટેલ, સાંસદ દીપસિંહ રાઠોડ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, સાબરકાંઠા ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ દિલીપભાઈ ગાંધી, નાગરિક બેંકના મેનેજીંગ ડીરેકટર હિરેન ગોર, ડીરેકટર નલીન પટેલ, સહકારી અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. સુવર્ણ જયંતિ નિમિત્તે સભાસદોને પણ ઉત્તમ ભેટ પણ આપવામાં આવશે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગઈ કાલે મોડાસા તાલુકા ના કુડોલ ગામે જમીન માં ભાગ લેવાની બાબતે બે સાગાભાઈ વચ્ચે બોલાચાલી થઈ હતી જયારે આ બોલાચાલીએ અચાનક જ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં કનુભાઈ કોટવાડ અને તેમની પત્ની અને પુત્ર આ ત્રણેય આરોપીઓ એ ભેગા મળી ને પોતાના સગાભાઈ ને જમીનનો ભાગ લેવાની નજીવાત માં છરો અને લાકડી ના ઘા મારી હત્યા કરી નાખતા કુડોલ પંથક માં ચકચાર મચી જવા પામી હતી ત્યારે આ અંગે નો ગુનો મોડાસા રૂરલ પોલીસ મથક માં નોધાયો હતો ત્યારે બનાવ ના થોડાક જ કલાક માં પોલીસે આ હત્યારા ભાઈ તેની પત્ની અને દિકરાને પકડી ને જેલના સળીયા પાછળ ધકેલી દઈ આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે અહીયા જર...જમીન અને જોરુ એ ત્રણેય કજીયાના છોરૂ એ કહેવત સાચી પડતી દેખાઈ રહી છે.

## રાજ્યમાં આચાર્યોનું ૧૫મીથી ત્રણ દિવસનું અધિવેશન મળશે

અમદાવાદ, તા. ૧૧

શિક્ષણમાં ગુણવતા સુધારવા અને શૈક્ષણિક પ્રશ્નોનું સામાધાન લાવવા માટે આચાર્ય સંઘ અને શિક્ષણ વિભાગ દ્વારા અંબાજી ખાતે ૧૫મી થી ત્રણ દિવસ માટે શૈક્ષણિક અધિવેષવન મળશે. અધિવેશનમા શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ભાગ લેશે અને શિક્ષણની વર્તમાન પરિસ્થિત વિશે આચાર્ય ચર્ચા કરશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ રાજય આચાર્ય સંઘ દ્વારા દર વર્ષ અંબાજી ખાતે શૈક્ષણિક અધિવેશન યોજાય છે. શૈક્ષણિક અધિવેશનમાં વર્તમાન શૈક્ષણિક પ્રશ્નો તથા શિક્ષણની ગુણવતા પર મંથક કરીને ઉકેલ શોધાય છે. ત્યારે શિક્ષણમાં ગુણવતા સુધારવા અને શૈક્ષણિક પ્રશ્નોનું સમાધાન લાવવા માટે રાજયઆચાર્ય સંઘ અને શિક્ષણ વિભાગ દ્વારા અંબાજી ખાતે ૧૫મી થી ત્રણ દિવસ માટે શૈક્ષણિક અધિવેશન મળશે. અધિવેશનમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ભાગ લેશે અને શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ વિશે આચાર્ય સાથે ચર્ચા કરશે. આ અધિવેશનમાં રાજયભરમમાંથી ૨ હજારથી વધુ આચાર્ય ભાગ લેશે. જેમાં વડોદરા શહેર આચાર્ય સંઘમાંથી ૪૦ તથા ત્રણ દિવસના અધિવેશનમાં આચાર્ય સંઘ દ્વારા શિક્ષણની વર્તમાન સિસ્ટમ પર ચર્ચા કરીને તેને સુધારવાની સાથે શિક્ષણનો વિકાસ થાય તેમજ બાળકોની કારર્કિદીને વેગ મળે તેવી સિસ્ટમ અપનાવવા પર જોર અપાશે.

## શબ્દાવલી - ૫૬૧૪



**આડી ચાવી**

૧. લંકાપતિ રાવણની બહેન (૪)
૪. કાછડો (૩)
૭. રદ્દી, નકામું (૨)
૮. રંગારો (૩)
૯. ધરપકડ કરવાનો સરકારી આદેશ (૩)
૧૧. તાસક, ડીશ (૩)
૧૩. અંગુઠો બતાવવો તે, ઠીયો (૨)
૧૫. હાથ ભેગા કરી અવાજ કરવો તે (૨)
૧૬. સખી આજની ઘડી છે...(૫)
૧૮. આહિર કોમની સ્ત્રીનો એક ખાસ પોશાક (૨)
૨૦. મરી, તીખા (૩)
૨૧. હાના-હાના કર્યા કરવું (૪)
૨૪. ગમગીન થઇ જવું તે (૩)
૨૫. જીદ, રટ (૨)

**ઊભી ચાવી**

૧. બહાદુરી (૫)
૨. પાઉડર લગાવવાનું રૂની નાની ગાદી જેવું સાધન (૨)
૩. દરિયા ખેડુ (૩)
૪. વીજળીનો શોટ લાગે તે (૩)
૫. પાઘડીમાં ખોસેલો ફુલના તોરા (૨)
૬. નળી, પાઇપ (૨)
૧૦. આંગણે રંગોની કરેલ ડિઝાઇન (૩)
૧૨. એક કડવું ઔષધ (૪)
૧૩. ઓછું પ્રકાશિત (૨)
૧૪. હાથનો જોઇન્ટનો ભાગ (૨)
૧૭. પીડા, મુશ્કેલી (૩)
૧૯. બિલાડી બોલે (૩)
૨૦. આનંદ, ફન (૨)
૨૧. છાશ ઉપરવળતું પાણી (૨)
૨૨. કાર્ય, કામ (૨)
૨૩. પાણી વહી જવા કરેલ ખાળ (૨)

**શબ્દાવલી ૫૬૧૩ના જવાબ**

**આડી ચાવી :-** (૧) મુસાફર (૪) અબોટ (૬) શકળ (૭) લોપ (૮) માપપટ્ટી (૧૦) ધારાવાહિક (૧૩) તારવણી શ્ર૧૪) પાવ (૧૫) હક (૧૬) સાવરણી (૧૭) તમામ (૧૮) તારણ (૧૯) મલમલ

**ઊભી ચાવી :-** (૧) મુશળધાર (૨) સાક (૩) ફળ (૪) અલોપ (૫) બોપટ્ટી (૯) માહિર (૯) પકવવું (૧૨) નીલકમ (૧૪) પાવર (૧૫) હમામ (૧૬) સાતા (૧૭) તલ

## વિકાસનો વિશ્વમંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- બ્રિટન અને ભારતની ભાગીદારીને કોઈ હરાવી શકશે નહી.
- અમે ભારતની સાથે એક મજબૂત ભાગીદારીની આશા રાખીએ છીએ.

**ભૂટાનના વડાપ્રધાન શેરિગ ટોબગે-**

- હું ધાર્મિક યાત્રા માટે વારાણસી જઈશ પરંતુ તે પહેલા આર્થિક યાત્રા માટે ગુજરાત આવ્યો.
- દુનિયાના બે મોટા દેશ ભારત અને ચીન વચ્ચે સેન્ડવીચ જેવો અમારો દેશ છે.
- ભૂટાનમાં સ્વાસ્થ્ય સેવા ફ્રી છે, ૯૫ ટકા ખેતી ઓર્ગેનિક થાય છે.
- પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વગર અમે વિકાસ કર્યો છે.
- વાયબ્રન્ટ વિશ્વનું સૌથી મોટું પ્લેટફોર્મ બન્યું છે.
- ગુજરાત વાઈબ્રેશન ભારત થઈ વિશ્વમાં ફેલાયેલું જોવા મળ્યું છે.
- અમારી ઈકોનોમી નાની છે, કુદરતી સ્ત્રોતો વિશાળ છે.
- અમે લડાઈ વિના લોકતંત્ર હાંસલ કર્યુ છે.
- ઉત્પાદન કરતા ખુશી વધારે જરૂરી છે, અમારું અર્થતંત્ર નાનું પણ ટકાઉ છે.
- અમારે ત્યાં બિઝનેસ કરવા આવો, પણ ઈકો ફ્રેન્ડલી.

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી-**

- આનંદીબેને મોદીની પરંપરાને આગળ ધપાવી છે.
- ગુજરાત સૌથી ડાયનેમિક, ઈનોવેટિવ સ્ટેટ, ફ્યુચર સેન્ટ્રિક છે.
- ભગવાન શ્રીકૃષ્ણ, ગાંધીજી અને સરદાર પછી મોદીની આ ભૂમિ છે.
- રિલાયન્સ એ ગુજરાતની સકસેસ સ્ટોરીનો અવિભાજય હિસ્સો છે.
- છેલ્લા ત્રણ દાયકામાં સતત ગુજરાતમાં યોગદાન,ગુજરાતે અમને બહુ યોગદાન આપ્યું છે.
- અમે આગામી ૧૮ મહિનામાં ૧,૦૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાના છીએ.
- રિલાયન્સ ફાઉન્ડેશને ૪ કરોડ લોકોનાં જીવન બદલ્યાં છે.
- વાયબ્રન્ટ એક સમિટ નથી પણ આગળ વધવાની કૃતનિશ્ચયતા છે

**બિરલા ગ્રુપ ચેરમેન કુમાર મંગલમ-**

- ગુજરાત અમારા માટે સૌથી પહેલી પસંદગીનું સ્થળ છે.
- ગુજરાતના વિકાસથી અમે પ્રભાવિત થયા છીએ.
- છેલ્લાં ૧૫ વર્ષમાં ગુજરાતે મોદીના નેત્તાવમાં અભૂતપૂર્વ વિકાસ કર્યો છે.
- ઝડપી -ક્રિયા દ્વારા મોદીએ ગુજરાતને નંબર વન બનાવ્યું છે.
- પ્રોગ્રેસિવ ગવર્નન્સ. ટ્રાન્સપેરન્સી, સ્પીડ ઓફ પ્રોસેસ મોદીની ઓળખ છે.
- મોદી વડા-ધાન બન્યા છે ત્યારે દેશનો વિકાસ ઝડપી બનશે.
- મારા પિતાએ ૧૯૬૦માં અહીં ઈન્ડિયન રેયોનમાં રોકાણ કર્યુ હતું.
- વેરાવળમાં અમારો પ્રોજેક્ટ છે, ૨૫ હજાર કરોડ કરતાં વધારેનું ગુજરાતમાં રોકાણ છે.
- હાઈ ટેક,આઈડીયાની આવકમાં ગુજરાતનો મોટો હિસ્સો છે.
- અમે ૨૦ હજાર કરોડનું વધારે મૂડીરોકાણ કરીશું.
- આનંદીબેન ગુજરાતને સક્ષમ નેતૃત્વ આપવાનું ચાલુ રાખશે.

## રોકાણકારોને આકર્ષે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વાગત છે અને આશા રાખું છું કે તમે અહીં આરામથી ત્રણ દિવસ વિતાવશો, આમ પણ ગુજરાતી લોકો મહેમાન નવાજીમાં સારા હોય છે. તેમણે આગળ કહ્યું કે સરકાર ભારતમાં નવા પ્રકારનો વિશ્વાસ જગાવવા ઈચ્છે છે. અને અમને વિશ્વાસ છે કે, માનસિક પરિવર્તનથી જ સાચા ફેરફારની શરૂઆત થાય છે.

મોદીએ કહ્યું, આજે દુનિયાભારના દેશ ભારત સાથે કામ કરવા ઈચ્છે છે. આજે ભારતની ઉપસ્થિતિ અને તેના ઈતિહાસને ઓળખ મળી રહી છે. તેમણે યોગ માટે એક આંતરાષ્ટ્રીય દિવસ જાહેર કરવા પર સંયુક્ત રાષ્ટ્રનો આભાર માન્યો અને કહ્યું કે, યોગ એ વિજ્ઞાન અને કલાનું મિશ્રણ છે, જે માનવ જીવનને ઉત્ત્ામ બનાવે છે. આ સમિટમાં વિશ્વના અનેક મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા અને તેમાં ભારતને જાણવાની ઉત્કંઠા જોવા મળી હતી.

## ઉત્તરાયણની ઉજવણીનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર પણ સારી એવી ઘરાકી ખુલી હતી જેથી વેપારીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

શહેરમાં પતંગોની કિંમતોમાં ગત વર્ષ કરતા નજીવો વધારો જોવા મળ્યો હતો. આ વર્ષે મીડીયમ સાઈઝના પતંગોમાં ૫૦ રૂપિયાથી માંડીને ૧૨૦ રૂપિયાની કોડીની વેરાઈટીઝ બજારમાં જોવા મળી રહી છે જ્યારે લાર્જ સાઈઝમાં ૭૫ રૂપિયાથી માંડીને ૧૮૦ રૂપિયે કોડીના ભાવ જોવા મળ્યા હતા. નાના બાળકો માટેના નાની સાઈઝના પતંગોના ભાવ બજારમાં ૨૦ રૂપિયે કોડીથી માંડીને ૪૦ રૂપિયે કોડી ચાલી રહ્યા છે. જ્યારે તૈયાર દોરીની ફિરકીમાં ૧૦૦૦ વારની દોરી ૧૨૦ રૂપિયાથી માંડીને ૨૪૦ રૂપિયા સુધી તેમજ ૨૦૦૦ વારની ફિરકી ૧૮૦ રૂપિયાથી લઈને ૪૩૦ રૂપિયા સુધીના ભાવે ક્વોલીટી અને બ્રાન્ડ મુજબ વેચાઈ રહી છે. જો કે આ વર્ષે નગરજનોમાં ચરખાવાળાઓ પાસે દોરી રંગાવવાનો ટ્રેન્ડ વધુ જોવા મળ્યો છે. જ્યારે હાથેથી ઘસીને દોરી પાવાવાળા ૧૦૦૦ વારે રૂ. ૬૦ લઈ રહ્યા છે. દોરી રંગાવા કે ઘસાવા માટે મોટી લાંબી લાઈનોનું વેઈટીંગ જોવા મળ્યું હતું.